नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૦

# આવશ્યક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૪૦

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૪૦) આવશ્યક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૪૦ 'આવશ્યક'

## મૂલ સૂત્ર– ૧ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | અધ્યયન | | | અધ્યયન | |
| ૧ | સામાયિક | ૦૬ | ૪ | પ્રતિક્રમણ | ૦૯ |
| ૨ | ચતુર્વિંશતિસ્તવ | ૦૭ | ૫ | કાયોત્સર્ગ | ૧૩ |
| ૩ | વંદન | ૦૮ | ૬ | પ્રત્યાખ્યાન | ૧૬ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-**આગમ સાહિત્ય (કુલ પુસ્તક) **518**

2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૪૦] આવશ્યક

## મૂલસૂત્ર–૧– ગુજરાતી ભાવાનુવાદ

### અધ્યયન-૧ 'સામાયિક'

સૂત્ર–૧

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.

સૂત્ર–૨

હે ભદંત ! હું સામાયિક સ્વીકાર કરું છું.
જાવજ્જીવને માટે સર્વે સાવદ્ય યોગના પચ્ચક્ખાણ કરું છું.
(કેવી રીતે?) ત્રિવિધ, ત્રિવિધ વડે (અર્થાત્)
મન, વચન, કાયા વડે હું (તે) કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદું નહીં.
હે ભદંત ! હું તેને પ્રતિક્રમું છું, નિંદું છું, ગર્હું છું.
(મારા તે ભૂતકાલીન પર્યાયરૂપ) આત્માને વોસિરાવું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૧ નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૨ 'ચતુર્વિંશતિ સ્તવ'

સૂત્ર-૩

લોકમાં ઉદ્યોત કરનાર, ધર્મતીર્થ કરનાર, જિન(રાગ-દ્વેષને જિતનાર), કેવલી એવા ચોવીશે અરિહંતની (અને અન્ય અરિહંતોની) હું સ્તવના કરીશ.

સૂત્ર-૪ થી ૬

૪. ઋષભ અને અજિતને, સંભવ અભિનંદન અને સુમતિને, પદ્મપ્રભુ સુપાર્શ્વ તથા ચંદ્રપ્રભુ એ સર્વે જિનને હું વંદન કરું છું.

૫. સુવિધિ (અથવા)પુષ્પદંતને, શીતલ શ્રેયાંસ અને વાસુપૂજ્યને, વિમલ અને અનંતને, તથા ધર્મ અને શાંતિ જિનને હું વંદન કરું છું.

૬) કુંથુ અર અને મલ્લિને, મુનિસુવ્રત અને નમિને, અરિષ્ટનેમિ પાર્શ્વ તથા વર્ધમાનને (એ સર્વે) જિનને હું વંદન કરું છું.

**(એ રીતે ત્રણ ગાથાથી ૨૪-જિનને વંદના કરી છે.)**

સૂત્ર-૭

એ પ્રમાણે મારા વડે સ્તુતિ કરાયેલા, જેના (કર્મ રૂપી) રજમલ ધોવાઈ ગયા છે, જરા અને મરણ જેના પ્રકૃષ્ટપણે ક્ષીણ થયા છે, એવા ચોવીશે પણ જિનવરો-તીર્થંકરો મારા ઉપર પ્રસાદ(કૃપા) કરનારા થાઓ.

સૂત્ર-૮

કીર્તિત(લોકો વડે સ્તવના કરાયેલ), વંદિત(લોકો વડે વંદના કરાયેલ), પૂજિત(લોકો વડે પૂજાયેલ), એવા જે લોકમધ્યે ઉત્તમ સિદ્ધો છે, તેઓ મને આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમસમાધિ આપો.

સૂત્ર-૯

ચંદ્ર કરતા વધુ નિર્મળ, સૂર્યથી વધુ પ્રકાશ કરનારા, શ્રેષ્ઠ સાગર(સ્વયંભૂરમણ સમુદ્ર) જેવા ગંભીર, એવા હે સિદ્ધો(ભગવંતો) મને સિદ્ધિ(મોક્ષ) આપો.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૩ 'વંદન'

સૂત્ર–૧૦

**શિષ્ય કહે છે–** હે ક્ષમા (**આદિ દશવિધ ધર્મથી યુક્ત**) શ્રમણ ! આપને હું ઇન્દ્રિયો તથા મનની વિષયવિકારના ઉપઘાત રહિત, નિર્વિકારી અને નિષ્પાપ કાયા વડે વંદન કરવાને ઇચ્છું છું.

મને આપની મર્યાદિત ભૂમિમાં પ્રવેશવાની અનુજ્ઞા આપો.

નિસીહી (**એમ કહી શિષ્ય અવગ્રહમાં પ્રવેશે.**)

અધોકાય એટલે આપના ચરણને હું મારી કાયા વડે સ્પર્શુ છું. તેથી આપને જે કંઈ તકલીફ થાય તેની ક્ષમા આપશો.

અલ્પ ગ્લાનિવાળા આપનો દિવસ સુખપૂર્વક વ્યતીત થયો ? આપને સંયમ યાત્રા વર્તે છે ? આપને ઇન્દ્રિયો ઉપઘાત રહિત વર્તે છે ?

હે ક્ષમાશ્રમણ ! દિવસ દરમિયાન થયેલા અપરાધોને હું ખમાવું છું. આવશ્યક ક્રિયા માટે હવે હું અવગ્રહની બહાર જાઉં છું.

દિવસ દરમિયાન આપ ક્ષમાશ્રમણની કોઈપણ આશાતના કરી હોય, તેનાથી હું પાછો ફરું છું.

વળી મિથ્યા ભાવથી થયેલ આશાતના વડે,

મન–વચન–કાયાની દુષ્ટ પ્રવૃત્તિ થકી થયેલ આશાતના વડે,

ક્રોધ–માન–માયા–લોભની વૃત્તિ દ્વારા થયેલ આશાતના વડે,

સર્વકાળ સંબંધી – સર્વ પ્રકારના મિથ્યા ઉપચારો દ્વારા તે સર્વે પ્રકારના ધર્મો અતિક્રમણને લીધે થયેલ આશાતના વડે.

જે કોઈ અતિચારો થયા હોય,

તેનાથી હે ક્ષમાશ્રમણ ! હું પાછો ફરું છું.

તે અતિચરણની નિંદા કરું છું.

આપની સમક્ષ તે અતિચારની ગર્હા કરું છું અને

તે અશુભ યોગમાં પ્રવર્તેલા મારા ભૂતકાલીન આત્મપર્યાયનો ત્યાગ કરું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૩ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૪ 'પ્રતિક્રમણ'

**સૂત્ર-૧૧**

કરેમિ ભંતે! – × - × - × - યાવત્ વોસિરામિ. (**પૂર્વ સૂત્ર ૨ મુજબ તેનો અર્થ જાણવો**)

**સૂત્ર-૧૨**

ચાર પદાર્થો મંગલરૂપ છે – અરિહંત મંગલ છે, સિદ્ધો મંગલ છે, સાધુ મંગલ છે, કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ મંગલ છે.

**સૂત્ર-૧૩**

લોકમાં ચાર ઉત્તમ છે – અરિહંત લોકોત્તમ છે, સિદ્ધો લોકોત્તમ છે, સાધુ લોકોત્તમ છે, કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ લોકોત્તમ છે.

**સૂત્ર-૧૪**

હું ચાર શરણા અંગીકાર કરું છું. હું અરિહંતનું શરણું સ્વીકારું છું. સિદ્ધનું શરણું સ્વીકારું છું. સાધુનું શરણું સ્વીકારું છું અને કેવલિ ભગવંતે પ્રરૂપિત ધર્મનું શરણું સ્વીકારું છું.

**સૂત્ર-૧૫**

હું દિવસ સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવાને ઇચ્છું છું. (આ અતિચાર સેવન) – કાયાથી, વચનથી, મનથી કરેલ હોય.

ઉત્સૂત્રભાષણ કે ઉન્માર્ગ સેવનથી (હોય).

અકલ્પ્ય કે અકરણીયથી (થયેલ હોય).

દુર્ધ્યાન કે દુષ્ટ ચિંતવનથી (થયેલ હોય).

અનાચારથી, અનિચ્છનીયથી, અશ્રમણપ્રાયોગ્યથી હોય.

જ્ઞાન, દર્શન કે ચારિત્ર – શ્રુત અને સામાયિકમાં હોય.

ત્રણ ગુપ્તિ, ચાર કષાય, પાંચ મહાવ્રત, છ જીવનિકાય, સાત પીંડૈષણા, આઠ પ્રવચનમાતા, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, દસ પ્રકારે શ્રવણધર્મ તે-તે વિષયમાં પાલન-અપાલનથી થયેલ હોય.

સાધુ સામાચારીરૂપ કર્તવ્યોમાં પ્રમાદ કરવાથી જે જે ખંડણા વિરાધના થઈ હોય, મારું તે પાપ મિથ્યા થાઓ.

સૂત્ર–૧૬

હું ઐર્યાપથિકી પ્રતિક્રમવાને ઇચ્છું છું. ગમનાગમન ક્રિયા દરમિયાન થયેલ વિરાધનામાં **(વિરાધના કઈ રીતે થઈ તે કહે છે–)**

જતા–આવતા, મારા વડે કોઈ પણ (ત્રસજીવ), બીજ, હરિત (લીલી વનસ્પતિ), ઓસ (ઝાકળ), કીડીના દર, સેવાળ, કીચડ કે કરોળિયાના જાળા વગેરે ચંપાયા હોય.

જે કોઈ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય કે પંચેન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય (કઈ રીતે?)

આ જીવો મારા વડે ઠોકરે મરાયા હોય, ધૂળથી ઢંકાયા હોય, ભોંય સાથે ઘસાયા હોય, પરસ્પર તેના શરીર અફળાવાયા હોય, થોડા સ્પર્શિત હોય, દુઃખ ઉપજાવાયુ હોય, ખેદ પમાડાયા હોય, ત્રાસ પમાડેલ હોય, એક સ્થાનેથી બીજા સ્થાને ફેરવાયા હોય કે તેમના પ્રાણોનો વિયોગ કરાયો હોય.     તે સર્વે મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

સૂત્ર–૧૭

હું પ્રતિક્રમણ કરવાને ઇચ્છું છું. (શેનું?)

પ્રકામ શય્યાથી, નિકામ શય્યાથી, સંથારામાં પડખા ફેરવવાથી, પુનઃ તે જ પડખે ફરવાથી, આકુંચન–પ્રસારણ કરવાથી, જૂ વગેરે જીવોના સંઘટ્ટનથી, ખાંસતા–કચકચ કરતા – છીંક કે બગાસું ખાતા **(મુહપત્તિ ન રાખવાથી)**, આમર્ષથી, સરજસ્ક વસ્તુને સ્પર્શવાથી, આકુળ–વ્યાકુળતાથી, સ્વપ્ન નિમિત્તે, સ્ત્રી વિપર્યાસથી, દૃષ્ટિ વિપર્યાસથી, મન વિપર્યાસથી, પાન–ભોજન વિપર્યાસથી.

મેં જે દિવસ સંબંધી અતિચાર કર્યો હોય.          તેનું મિચ્છામિ દુક્કડમ્.

સૂત્ર–૧૮

હું પ્રતિક્રમણ કરું છું. (શેનું?)

ભિક્ષા માટે ગૌચરી ફરવામાં લાગેલા અતિચારોનું **(કઈ રીતે?)** બંધ કરેલા બારણા–જાળી વગેરે ઉઘાડવાથી, કૂતરા–વાછરડાં કે નાના બાળકનો સંઘટ્ટો થવાથી, મંડી પ્રાભૃતિક, બલિ પ્રાભૃતિક કે સ્થાપના પ્રાભૃતિક લેવાથી, શંકિત–સહસાકારિત **(આહાર લેવાથી),** અનેષણાથી, જીવોવાળી વસ્તુનું–બીજનું કે હરિતનું ભોજન કરવાથી, પશ્ચાત્ કર્મ કે પુરોકર્મ કરવાથી, અદૃષ્ટ આહૃતથી, સચિત્ત એવા જળ કે રજવાળી વસ્તુ લેવાથી, પારિશાટનિકાથી, પારિષ્ઠાપનિકાથી, ઓહસણ ભિક્ષાથી–

જે ઉદ્ગમ, ઉત્પાદન, એષણાથી અપરિશુદ્ધ પરિગૃહિત કે પરિભુક્ત હોય અને જે પરઠવેલ ન હોય–

તેનું 'મિચ્છામિ દુક્કડમ્.'

સૂત્ર–૧૯

હું પ્રતિક્રમણ કરું છું. (શેનું?)

ચાર કાળ સ્વાધ્યાય ન કરવા. રૂપ અતિચારોનું, ઉભયકાળ ભાંડ અને ઉપકરણની પડિલેહણા ન કરી કે દુષ્ટ પડિલેહણા કરી, પ્રમાર્જના ન કરી કે દુષ્પ્રમાર્જના કરી, અતિક્રમ–વ્યતિક્રમ–અતિચાર કે અનાચારના સેવનરૂપ મેં જે કોઈ દૈવસિક અતિચાર કર્યો હોય, તેનું મિચ્છામિ દુક્કડમ્ – મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

સૂત્ર–૨૦

હું પ્રતિક્રમણ કરું છું. (શેનું ?) એકવિધ અસંયમનું.

હું પ્રતિક્રમણ કરું છું (શેનું ?) બે પ્રકારના બંધનો – રાગરૂપ બંધનનું અને દ્વેષરૂપ બંધનનું.

હું પ્રતિક્રમણ કરું છું (શેનું ?) ત્રણ દંડ–મન દંડ વડે, વચન દંડ વડે, કાય દંડ વડે (થયેલા અતિચારોનું)

હું પ્રતિક્રમણ કરું છું – ત્રણ ગુપ્તિ–મનોગુપ્તિ વડે, વચનગુપ્તિ વડે, કાયગુપ્તિ વડે **(તેના પાલન ન કરવાથી**

થયેલા અતિચારોનું.)

સૂત્ર-૨૧

હું પ્રતિક્રમું છું (કોને ?) ત્રણ શલ્ય – માયા, નિદાન અને મિથ્યાદર્શન શલ્યથી થયેલા અતિચારોને.

હું પ્રતિક્રમું છું, ત્રણ ગારવો – ઋદ્ધિ ગારવ, રસ ગારવ અને શાતા ગારવ વડે થયેલા અતિચારોને.

હું પ્રતિક્રમું છું, ત્રણ વિરાધના – જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના વડે થયેલા અતિચારોને.

હું પ્રતિક્રમું છું, ચાર કષાયો – ક્રોધ, માન, માયા, લોભ વડે થયેલા અતિચારોને.

હું પ્રતિક્રમું છું, ચાર સંજ્ઞા – આહાર, ભય, મૈથુન, પરિગ્રહથી થયેલા અતિચારોને.

હું પ્રતિક્રમું છું, ચાર વિકથા – સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા અને રાજ કથા વડે થયેલા અતિચારોને.

હું પ્રતિક્રમું છું, ચાર ધ્યાન – આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લથી (અર્થાત્) પહેલાં બે કરવાથી, છેલ્લા બે ન કરવાથી

સૂત્ર-૨૨

કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી એ પાંચ ક્રિયાઓનું હું પ્રતિક્રમણ કરું છું.

સૂત્ર-૨૩

હું શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પાંચ વડે લાગતા અતિચારોને પ્રતિક્રમું છું.

હું પાંચ મહાવ્રતો – પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણને આચરતા લાગેલા અતિચારોને પ્રતિક્રમું છું.

હું પાંચ સમિતિ – ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ અને ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ્લ-જલ્લ-સિંધાણ પારિષ્ઠાપનિકા સમિતિ પાળતા લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.

સૂત્ર-૨૪

હું છ જીવનિકાય – પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની વિરાધનાથી થયેલ અતિચારો પ્રતિક્રમું છું.

હું છ લેશ્યા – કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લ લેશ્યા નિમિત્તે થયેલ અતિચારોને પ્રતિક્રમું છું.

હું પ્રતિક્રમું છું – સાત ભયસ્થાનોથી૦, આઠ મદસ્થાનોથી૦, નવ બ્રહ્મચર્યગુપ્તિથી૦, દશવિધ શ્રમણ ધર્મમાં, અગિયાર ઉપાસક પ્રતિમા વડે, બાર ભિક્ષુ પ્રતિમા વડે, તેર ક્રિયા સ્થાનો વડે૦ થયેલા અતિચારોને.

સૂત્ર-૨૫

હું પ્રતિક્રમણ કરું છું. (શેનું?) ચૌદ ભૂતગ્રામોથી, પંદર પરમાધામીથી, સોળ ગાથા ષોડશકથી, સત્તર ભેદે સંયમથી, અઢાર ભેદે અબ્રહ્મથી, ઓગણીસ જ્ઞાત અધ્યયનોથી, વીસ અસમાધિ સ્થાનોથી (લાગેલ અતિચારોનું.)

સૂત્ર-૨૬

એકવીસ શબલદોષ, બાવીશ પરીષહો, તેવીશ સૂત્રકૃત્ આગમના કુલ અધ્યયનો, ચોવીશ દેવો, પચીશ ભાવના, છવીશ – દશાશ્રુતસ્કંધ બૃહત્ કલ્પ અને વ્યવહાર એ ત્રણેના મળીને ઉદ્દેશનકાળ, સત્તાવીશ પ્રકારે અણગારનું ચારિત્ર, અટ્ઠાવીશ ભેદે આચાર પ્રકલ્પ, ઓગણત્રીશ ભેદે પાપશ્રુતના પ્રસંગો વડે, ત્રીશ મોહનીય સ્થાનો વડે, એકત્રીશ સિદ્ધોના ગુણો વડે અને બત્રીશ યોગસંગ્રહ વડે. (જે કોઈ પણ પ્રકારે મને દિવસ સંબંધી અતિચાર થયા હોય તે-તે અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું).

સૂત્ર-૨૭

તેત્રીશ પ્રકારની આશાતનાથી (થયેલા દૈવસિક અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું.)

સૂત્ર–૨૮

(૧) અરિહંતોની આશાતના, (૨) સિદ્ધોની આશાતના, (૩) આચાર્યની આશાતના, (૪) ઉપાધ્યાયની આશાતના, (૫) સાધુની આશાતના, (૬) સાધ્વીની આશાતના, (૭) શ્રાવકની આશાતના, (૮) શ્રાવિકાની આશાતના, (૯) દેવોની આશાતના, (૧૦) દેવીની આશાતના, (૧૧) આલોક સંબંધી આશાતના, (૧૨) પરલોક સંબંધી આશાતના, (૧૩) કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મની આશાતના, (૧૪) દેવ–મનુષ્ય–અસુર લોક સંબંધી આશાતના, (૧૫) સર્વ પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વની આશાતના, (૧૬) કાળની આશાતના, (૧૭) શ્રુતની આશાતના, (૧૮) શ્રુતદેવતાની આશાતના, (૧૯) વાચનાચાર્યની આશાતના.

સૂત્ર–૨૯

(૧) જે વ્યાવિદ્ધ, (૨) વ્યત્યમેલિત, (૩) હીનાક્ષરિક, (૪) અતિ અક્ષરિક, (૫) પદહીન, (૬) વિનયહીન, (૭) ઘોષ હીન, (૮) યોગહીન, (૯, ૧૦) સુષ્ઠુદત્ત દુષ્ઠુ પ્રતિચ્છિત, (૧૧) અકાલે સ્વાધ્યાય કરવો, (૧૨) કાળે ન કરવો, (૧૩) અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય, (૧૪) સ્વાધ્યાયમાં અસ્વાધ્યાય કરવો. તે બધાનું મિચ્છામિ દુક્કડમ્.

સૂત્ર–૩૦

ભગવંત ઋષભથી લઈને મહાવીર પર્યન્તના ચોવીસે તીર્થંકરોને મારા નમસ્કાર થાઓ.

સૂત્ર–૩૧

આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, કૈવલિક, પ્રતિપૂર્ણ, નૈયાયિક, સંશુદ્ધ, શલ્યકર્ત્તક, સિદ્ધિનો માર્ગ, મુક્તિનો માર્ગ, નિર્વાણનો માર્ગ, નિર્યાણનો માર્ગ, અવિતથ, અવિસંધિ, સર્વ દુઃખનો પ્રક્ષીણ માર્ગ છે.

આમાં સ્થિત જીવો સિદ્ધ થાય છે, બોધ પામે છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે અને સર્વે દુઃખોનો અંત કરે છે.

સૂત્ર–૩૨

તે ધર્મની હું શ્રદ્ધા કરું છું. પ્રીતિ કરું છું. રૂચિ કરું છું. પાલન–સ્પર્શના કરું છું. અનુપાલન કરું છું. તે ધર્મની શ્રદ્ધા કરતો, પ્રીતિ કરતો, રૂચિ કરતો, સ્પર્શના કરતો, અનુપાલન કરતો હું –

તે ધર્મની આરાધનામાં ઉદ્યત થયો છું, વિરાધનાથી અટકેલો છું (તેના જ માટે) અસંયમને જાણીને તજુ છું અને સંયમનો સ્વીકારું છું. અબ્રહ્મને જાણીને તજુ છું, બ્રહ્મચર્યને સ્વીકારું છું. અકલ્પને જાણીને તજુ છું, કલ્પને સ્વીકારુ છું. અજ્ઞાનને જાણીને તજુ છું, જ્ઞાનને સ્વીકારુ છું. અક્રિયાને જાણીને તજુ છું અને ક્રિયાને સ્વીકારું છું. મિથ્યાત્વને જાણીને તજું છું, સમ્યક્ત્વને સ્વીકારું છું. અબોધિને જાણીને તજું છુ. બોધિને સ્વીકારું છું. અમાર્ગને જાણીને તજું છું અને માર્ગને સ્વીકારું છું.

સૂત્ર–૩૩

જે કંઈ મને સ્મરણમાં છે, જે કંઈ સ્મરણમાં નથી. જેનું મેં પ્રતિક્રમણ કર્યુ અને જે (અજાણ)નું પ્રતિક્રમણ ન કર્યું.

તે (સર્વે)ના દિવસ સંબંધી અતિચારોને હું પ્રતિક્રમું છું.

હું શ્રમણ છું, સંયત–વિરત–પ્રતિહત અને પ્રત્યાખ્યાત પાપકર્મ વાળો છું, નિયાણા રહિત છું, દૃષ્ટિ સંપન્ન અને માયામૃષા રહિત છું.

સૂત્ર–૩૪

અઢીદ્વીપ અને બે સમુદ્રમાંની પંદર કર્મભૂમિમાં જે કોઈ સાધુઓ રજોહરણ, ગુચ્છા તથા પાત્રાને ધારણ કરનારા, પંચ મહાવ્રતના ધારક, ૧૮,૦૦૦ શીલાંગના ધારક, અક્ષત આચાર ચારિત્રવાળા, તે બધાને શિર વડે,

અંતઃકરણથી મસ્તક નમાવીને હું વાંદુ છું.

**સૂત્ર–૩૫, ૩૬**

હું સર્વે જીવોને ખમાવું છું, બધા જીવો મને ક્ષમા કરો. મારે સર્વ જીવો સાથે મૈત્રી છે, મારે કોઈ સાથે વૈર નથી

એ પ્રમાણે મેં આલોચના કરી છે, સમ્યક્ નિંદા કરી છે, ગર્હા કરી છે, દુગંછા કરી છે. હું તે અતિચારોને ત્રિવિધે પ્રતિક્રમતો ચોવીશે જિનને વંદુ છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૪ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૫ 'કાયોત્સર્ગ'

**સૂત્ર–૩૭**

હે ભગવન્ ! હું સામાયિકનો સ્વીકાર કરું છું – યાવત્ – મારા (બહિર) આત્માને વોસિરાવું છું. **(આખું સૂત્ર જોવા માટે જુઓ સૂત્ર–૨)**

**સૂત્ર–૩૮**

હું કાયોત્સર્ગમાં સ્થિર રહેવાને ઇચ્છું છું. મેં જે કોઈ દૈવસિક અતિચાર સેવેલ હોય૦ **(સૂત્ર–૧૫ મુજબ આખું સૂત્ર કહેવું.)**

**સૂત્ર–૩૯**

તેનું ઉત્તરીકરણ કરવા માટે, પ્રાયશ્ચિત્ત કરવા વડે, વિશુદ્ધિ કરવા વડે, શલ્ય રહિત કરવા વડે પાપકર્મોના નિર્ઘાતનને માટે હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.

અન્નત્થ (સિવાય કે, નીચેના કારણો સિવાય)

શ્વાસ લેવાથી, શ્વાસ મૂકવાથી, ઉધરસથી, છીંકથી, બગાસાથી, ઓડકારથી, વાતનિસર્ગથી, ભ્રમરીથી, પિત્ત મૂર્છાથી.

સૂક્ષ્મ અંગ સંચાલનથી, સૂક્ષ્મ કફ સંચાલનથી, સૂક્ષ્મ દૃષ્ટિ સંચાલનથી. ઇત્યાદિ આવા કારણોથી **(આગારો વડે).**

મારો કાયોત્સર્ગ ભંગ ન થાઓ, વિરાધિત ન થાઓ. (યાવત્) જ્યાં સુધી, હું અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને હું કાયોત્સર્ગ ન પારું,

ત્યાં સુધી સ્થાન વડે સ્થિર થઈને, વાણી વડે સ્થિર થઈને ધ્યાન (મન) વડે સ્થિર થઈને મારી કાયાને વોસિરાવું છું.

**સૂત્ર–૪૦ થી ૪૬**

'લોગસ્સ ઉજ્જોઅગરે૦ **સાત ગાથાનું એવું આ સૂત્ર પૂર્વે બીજા અધ્યયનમાં સૂત્ર–૩ થી ૯ ના ક્રમમાં કહેવાયેલ છે, તે જોઈ લેવું.**

**સૂત્ર–૪૭**

લોકમાં રહેલા સર્વે અરહંતચૈત્ય – અરહંત પ્રતિમાને આશ્રીને – તેમનું આલંબન લઈને હું કાયોત્સર્ગ કરું છુ. (કેવી રીતે ?)

વંદન નિમિત્તે, પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે, સન્માન નિમિત્તે, બોધિલાભ નિમિત્તે, નિરૂપસર્ગ (મોક્ષ) નિમિત્તે.

વધતી જતી– શ્રદ્ધા વડે, મેધા વડે, ધૃતિ વડે, ધારણા વડે અને અનુપ્રેક્ષાથી હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.

## સૂત્ર–૪૮ થી ૫૨

**૪૮.** અર્દ્ધ પુષ્કરવરદ્વીપ, ધાતકીખંડ અને જંબૂદ્વીપ (એ અઢીદ્વીપ)માં આવેલ ભરત, ઐરવત અને વિદેહ ક્ષેત્રમાં રહેલા શ્રુત ધર્મના આદિ કરોને હું નમસ્કાર કરું છું.

**૪૯.** અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર, દેવ અને નરેન્દ્રોના સમૂહથી પૂજાયેલ, મોહની જાળને તોડી નાંખનારા, મર્યાદાધરને વંદુ છું.

**૫૦.** જન્મ–જરા–મરણ અને શોકના પ્રનાશક, પુષ્કળ કલ્યાણ અને વિશાળ સુખને આપનાર, દેવ–દાનવ–નરેન્દ્રના સમૂહથી પૂજાયેલ એવા શ્રુતધર્મને પામીને કોણ પ્રમાદ કરે ?

**૫૧.** ઓ મનુષ્યો ! સિદ્ધ એવા જિનમતને હું પુનઃ નમસ્કાર કરું છું, કે જે દેવ, નાગ, સુવર્ણ, કિન્નરોના સમૂહથી સદ્‌ભુત ભાવથી પૂજાયેલ છે, જેમાં ત્રણ લોકના મનુષ્ય, સુર અને અસુરાદિક જગત્ જે લોકમાં પ્રતિષ્ઠિત છે,

આવા સંયમ પોષક અને જ્ઞાન સમૃદ્ધ દર્શન વડે પ્રવૃત્ત શાશ્વત ધર્મ વૃદ્ધિ પામો અને વિજયની પરંપરા વડે ચારિત્ર ધર્મ પણ નિત્ય વૃદ્ધિ પામો.

શ્રુત ભગવંત આરાધના નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું.

વંદન નિમિત્તે૦ આદિ અન્નત્થ૦ **(આ બંનેનો અર્થ પૂર્વે કહેવાયેલ છે.)**

## સૂત્ર–૫૩ થી ૫૭

**૫૩.** સિદ્ધ થયેલા, બોધ પામેલા, સંસારને પાર પામેલા, પરંપર સિદ્ધ થયેલા, લોકના અગ્રભાગને પામેલા એવા સર્વે સિદ્ધ ભગવંતોને સદા નમસ્કાર.

**૫૪.** જે દેવોના પણ દેવ છે, જેને દેવો અંજલીપૂર્વક નમસ્કાર કરે છે, તે ઇન્દ્રો વડે પૂજાયેલા મહાવીર ભગવંતને હું મસ્તકથી વંદુ છું.

**૫૫.** જિનવરોમાં વૃષભ સમાન – શ્રેષ્ઠ એવા વર્ધમાનસ્વામીને કરાયેલ એક પણ નમસ્કાર નર કે નારીને સંસાર સાગરમાંથી તારે છે.

**૫૬.** જેમના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ ત્રણે ઉજ્જયંત પર્વતના શિખરે થયેલા છે, તે ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું.

**૫૭.** ચાર, આઠ, દશ અને બે એમ વંદન કરાયેલા ચોવીશે જિનવરો અને પરમાર્થ–નિષ્ઠિતાર્થ **(જેમણે મોક્ષને સિદ્ધ કર્યો છે એવા)** સિદ્ધો મને સિદ્ધિ આપો.

## સૂત્ર–૫૮

હે ક્ષમાશ્રમણ ! હું ઇચ્છું છું (શું ?)

પાક્ષિકની અંદર થયેલ અતિચારોની ક્ષમા માંગવાને, તે માટે ઉપસ્થિત થયો છું.

પંદર દિવસ અને પંદર રાત્રિમાં જે કંઈ – અપ્રીતિ કે વિશેષથી અપ્રીતિ થયેલી હોય (કયા વિષયમાં ?)

ભોજનમાં, પાણીમાં, વિનયમાં, વૈયાવચ્ચમાં, આલાપ–સંલાપમાં, ઉચ્ચ આસન કે સમ આસનમાં રાખવા, વચ્ચે બોલવામાં ગુરુની ઉપરવટ જઈને બોલવામાં.

જે કંઈ મારાથી સૂક્ષ્મ કે બાદર વિનયરહિત વર્તન થયેલ હોય, જે આપ જાણો છો અને હું જાણતો નથી.

તેનું મિચ્છામિ દુક્કડમ્.

સૂત્ર–૫૯

હે ક્ષમાશ્રમણ ! હું ઇચ્છું છું. (શું ઇચ્છે છે ?) મને જે પ્રિય અને માન્ય પણ છે. જે આપનો (જ્ઞાનાદિ આરાધના–પૂર્વક પક્ષ શરૂ થયો અને પૂર્ણ થયો તે મને પ્રિય છે) નિરોગી એવા આપનો, ચિત્તની પ્રસન્નતાવાળા – આતંકથી સર્વથા રહિત, અખંડ સંયમ વ્યાપારવાળા, શીલાંગ સહિત, સુવ્રતી, બીજા પણ આચાર્ય, ઉપાધ્યાય સહિત, જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ દ્વારા આત્માને વિશુદ્ધ કરતા એવા આપનો હે ભગવંત ! પર્વ દિન અને પક્ષ અત્યંત શુભ કાર્ય કરવા વડે પૂર્ણ થયું. બીજું પણ કલ્યાણકારી શરૂ થયું. તે મને પ્રિય છે.

હું આપને મસ્તક અને મન વડે સર્વભાવથી વંદુ છું.

સૂત્ર–૬૦

હે ક્ષમાશ્રમણ ! હું ઇચ્છું છું. (આપને ચૈત્ય અને સાધુવંદના કરાવવા) પૂર્વે આપની સાથે હતો ત્યારે હું આ ચૈત્યવંદના, સાધુવંદના શ્રીસંઘ વતી કરું છું એવા અધ્યવસાય સાથે શ્રી જિનપ્રતિમાને વંદન–નમસ્કાર કરીને અને અન્યત્ર વિચરતા, બીજા ક્ષેત્રોમાં જે કોઈ ઘણા દિવસના પર્યાયવાળા, સ્થિરવાસ કરનારા કે નવકલ્પી વિહારવાળા એક ગામથી બીજે ગામ જતા સાધુઓને જોયા. તે ગુણવાન્ આચાર્યાદિને પણ વાંદ્યા, આપના વતી પણ વાંદ્યા. જેઓ લઘુપર્યાયવાળા હતા તેઓએ આપને વંદના જણાવી છે. સામાન્ય સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા મળ્યા. તેઓએ પણ આપને વંદના કરી. શલ્યરહિત અને કષાયમુક્ત એવા મેં પણ મસ્તક અને મન વડે વંદના કરી. (તે હેતુથી આપ પણ તેઓને વંદન કરો.)

હું પણ તે તમે કરેલા ચૈત્યોની વંદના કરું છું.

સૂત્ર–૬૧

હે ક્ષમાશ્રમણ ! હું પણ ઉપસ્થિત થઈને મારું નિવેદન કરવાને ઇચ્છું છું. આપનું આપેલું આ બધું જે અમારે ઉપયોગી છે. વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ તથા અક્ષર, પદ, ગાથા, શ્લોક, અર્થ, હેતુ, પ્રશ્ન, વ્યાકરણ આદિ સ્થવિર કલ્પને ઉચિત અને વિના માંગ્યે આપે. મને પ્રીતિપૂર્વક આપ્યું, છતાં મેં અવિનયથી ગ્રહણ કર્યું તેનું મિચ્છામિ દુક્કડમ્.

સૂત્ર–૬૨

હે ક્ષમાશ્રમણ ! હું ભાવિકાળમાં કૃતિકર્મ–વંદન કરવાને ઇચ્છું છું. ભૂતકાળમાં તે આચાર વિના કર્યા, વિનય વિના કર્યા, આપે મને જે આચાર આદિ શીખવ્યા, કુશળ બનાવ્યો, સંગ્રહિત અને ઉપગ્રહિત કર્યો, સારણા–વારણા–ચોયણા–પ્રતિ ચોયણા કરી. હવે હું તે ભૂલો સુધારવા ઉદ્યત થયેલો છું. આપના તપ અને તેજરૂપી લક્ષ્મી વડે આ ચાતુરંત સંસાર કાંતારથી મારા આત્માનું સંહરણ કરી હું તેમાંથી નિસ્તાર પામીશ. એ માટે મસ્તક અને મન વડે વંદન કરું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૫ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૬ 'પ્રત્યાખ્યાન'

સૂત્ર–૬૩

તેમાં – શ્રમણોપાસકો પૂર્વે જ અર્થાત શ્રાવક બનતા પહેલા જ મિથ્યાત્વને પ્રતિક્રમે (છોડે)છે અને સમ્યક્‌ત્વને અંગીકાર કરે. તેઓને કલ્પે નહીં – (શું ન કલ્પે ?)

આજથી અન્યતીર્થિક કે અન્યતીર્થિકના દેવો કે અન્યતીર્થિકે પરિગૃહિત અરહંત પ્રતિમાને વંદન કરવા કે નમસ્કાર કરવો. (ન કલ્પે.)

પૂર્વે ભલે ગ્રહણ ન કરી હોય, પણ હાલ અન્યતીર્થિક ગૃહિત હોવાથી તેમની સાથે આલાપ–સંલાપનો પ્રસંગ બને, તેનાથી અન્યતીર્થિકોને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એક વાર આપવાનું કે વારંવાર આપવાનું બને છે (જે શ્રાવકને ન કલ્પે.)

સિવાય કે – રાજાના અભિયોગથી, ગણાભિયોગથી, બલાભિયોગથી, દેવતાના અભિયોગથી, ગુરુના નિગ્રહ, કાંતારવૃત્તિથી આપવું પડે, તો ધર્મનું અતિક્રમણ થતું નથી.

આ સમ્યક્‌ત્વ પ્રશસ્ત છે, સમ્યક્‌ત્વ મોહનીય કર્મના વેદન, ઉપશમ કે ક્ષયથી પ્રાપ્ત થાય છે. તે પ્રશમ, સંવેગ આદિ ચિહ્નવાળું છે. તેનાથી શુભ આત્મપરિણામ થાય છે.

શ્રાવકોને સમ્યક્‌ત્વમાં આ પાંચ અતિચાર પણ જાણવા જોઈએ, પરંતુ તે દોષોનું આચરણ ન કરવુંજોઈએ. તે આ પ્રમાણે છે – શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાખંડ પ્રશંસા, પરપાખંડ સંસ્તવ.

સૂત્ર–૬૪

શ્રાવકો સ્થૂળ પ્રાણાતિપાતનું પચ્ચક્‌ખાણ(ત્યાગ) કરે.

તે પ્રાણાતિપાત બે ભેદે કહેલ છે – સંકલ્પથી અને આરંભથી. તેમાં શ્રાવક સંકલ્પ હિંસાનું જાવજ્જીવ પચ્ચક્‌ખાણ કરે, આરંભ હિંસાનું નહીં.

સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ (કરેલા) શ્રાવકને આ પાંચ અતિચારો જાણવા જોઈએ. તે આ પ્રમાણે – વધ, બંધ, છવિચ્છેદ, અતિભાર અને ભોજનપાનનો વિચ્છેદ.

સૂત્ર–૬૫

શ્રાવકો સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્‌ખાણ કરે.

તે મૃષાવાદ પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – કન્યાલીક, ગવાલિક, ભૌમાલિક, ન્યાસાપહાર, કૂટસાક્ષિક.

સ્થૂલમૃષાવાદ વિરમણ કરેલ શ્રાવકોને આ પાંચ અતિચારો છે, તે જાણવા જોઈએ – સહસાભ્યાખ્યાન, રહસ્યાભ્યાખ્યાન, સ્વદારા મંત્રભેદ, મૃષા ઉપદેશ અને ખોટા લેખ કરવા.

**સૂત્ર–૬૬**

શ્રમણોપાસકે સ્થૂળ અદત્તાદાનનું પચ્ચક્ખાણ કરવું.

તે અદત્તાદાન બે ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – સચિત્ત અદત્તાદાન અને અચિત્ત અદત્તાદાન.

સ્થૂળ અદત્તાદાનથી વિરમેલ શ્રાવકને આ પાંચ અતિચારો જાણવા જોઈએ, તે આ પ્રમાણે – સ્તેનાહ્રત, તસ્કર પ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કૂડતુલ કૂડમાન અને તત્પ્રતિરૂપક વ્યવહાર.

**સૂત્ર–૬૭**

શ્રમણોપાસકે પરદારાગમનના પચ્ચક્ખાણ કરવા અથવા સ્વપત્નીમાં સંતોષ રાખવો. (તે ચોથું વ્રત).

તે પરદારાગમન બે ભેદે છે, તે આ પ્રમાણે – (૧) ઔદારિક પરદારાગમન, (૨) વૈક્રિય પરદારાગમન.

સ્વદારા સંતોષ વ્રત લેનાર શ્રમણોપાસકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ. તે આ પ્રમાણે–

(૧) અપરિગૃહિતા ગમન, (૨) ઈત્વરિક પરિગૃહિતાગમન, (૩) અનંગક્રીડા, (૪) પરવિવાહ કરણ, (૫) કામભોગ વિશે તીવ્ર અભિલાષ.

**સૂત્ર–૬૮**

શ્રમણોપાસક અપરિમિત પરિગ્રહના પચ્ચક્ખાણ કરે. ઈચ્છાનું પરિમાણ સ્વીકાર કરે, એ પાંચમું અણુવ્રત.

તે પરિગ્રહ બે ભેદે છે. તે આ પ્રમાણે – સચિત્તનો પરિગ્રહ અને અચિત્તનો પરિગ્રહ.

ઈચ્છા પરિમાણ કરેલા શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ પરંતુ તે દોષોનું આચરણ ન કરવુંજોઈએ. તે આ પ્રમાણે –

૧) ધન–ધાન્ય પ્રમાણાતિક્રમ, ૨) ક્ષેત્ર–વાસ્તુ પ્રમાણાતિક્રમ, ૩) હિરણ્ય–સુવર્ણ પ્રમાણાતિક્રમ, ૪) દ્વિપદ–ચતુષ્પદ પ્રમાણાતિક્રમ અને ૫) કુપ્ય પ્રમાણાતિક્રમ.

**સૂત્ર–૬૯**

દિશાવ્રત ત્રણ પ્રકારે કહેલ છે – ઉર્ધ્વદિશિવ્રત, અધોદિશિવ્રત અને તીર્છાદિશિવ્રત. દિશાવ્રતધારી શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ. તે આ પ્રમાણે – ઉર્ધ્વદિશિ પ્રમાણાતિક્રમ, અધોદિશિ પ્રમાણાતિક્રમ, તીર્છાદિશિ પ્રમાણા તિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ, સ્મૃતિઅંતર્ધાન.

**સૂત્ર–૭૦**

ઉપભોગ – પરિભોગવ્રત બે ભેદે કહેલ છે. તે આ – ભોજન વિષયક અને કર્માદાન વિષયક.

ભોજન સંબંધી પરિમાણ કરનાર શ્રાવકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ – સચિત્તાહાર, સચિત્તપ્રતિબદ્ધાહાર, અપક્વ ઔષધિ ભક્ષણ, તુચ્છૌષધિ ભક્ષણ, દુષ્પક્વ ઔષધિ ભક્ષણ.

**સૂત્ર–૭૧**

કર્માદાન સંબંધી પ્રત્યાખ્યાન કરનાર શ્રાવકે આ પંદર કર્માદાનોને જાણવા જોઈએ પણ આચરવા ન જોઈએ. તે આ પ્રમાણે –

અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકકર્મ.

દંત વાણિજ્ય, લાક્ષ વાણિજ્ય, રસ વાણિજ્ય, વિષ વાણિજ્ય, કેશવા૦

યંત્રપીલણકર્મ, નીર્લાંછનકર્મ, દવાગ્નિદાપનતા, સર–દ્રહ–તળાવનું શોષણ કરવું, અસતીપોષણતા.

**સૂત્ર–૭૨**

અનર્થ દંડ ચાર ભેદે કહેલ છે – અપધ્યાનાચરિત, પ્રમત્તાચરિત, હિંસાપ્રદાન, પાપકર્મોપદેશ.

અનર્થદંડ વિરમણ પ્રતી શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ – કંદર્પ, કૌકુત્ચ્ય, મૌખરિક, સંયુક્તાધિકરણ, ઉપભોગ પરિભોગાતિરિક્ત.

સૂત્ર–૭૩ થી ૭૭

સામાયિક એટલે સાવદ્યયોગનું પરિવર્જન અને નિરવદ્ય યોગનું પ્રતિસેવન. એમ શિક્ષા અધ્યયન બે પ્રકારે કહ્યું છે

ઉપપાત – સ્થિતિ, ગતિ, કષાય, કર્મબંધ અને કર્મવેદન આ પાંચ અતિક્રમણ વર્જવા.

સામાયિક કરેલ હોય ત્યારે શ્રાવક શ્રમણ જેવો થાય છે. આ કારણે વારંવાર સામાયિક કરવી જોઈએ.

બધે જ 'વિરતિ' કહેવાઈ છે, ખરેખર બધે 'વિરતિ' હોતી નથી, તેથી સર્વવિરતિવાદી દેશ અને સર્વથી (સામાયિક) કહે છે.

સામાયિક વ્રતધારી શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ. તે આ પ્રમાણે – મનોદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન, કાયદુષ્પ્રણિધાન, સામાયિકમાં સ્મૃતિ ન કરવી તે અને સામાયિક અનવસ્થિત કરવી તે.

સૂત્ર–૭૮

દિશાવ્રત ગ્રહણ કરેલાને પ્રતિદિન દિશાનું પરિમાણ કરવું તે દેશાવકાશિક (નામે બીજું શિક્ષાપદ વ્રત છે.)

દેશાવકાસિક વ્રતધારી શ્રમણોપાસકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ, પણ આચરવા ન જોઈએ – આનયન પ્રયોગ, પ્રેષ્ય પ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત, બહાર પુદ્‌ગલ પ્રક્ષેપ.

સૂત્ર–૭૯

પૌષધોપવાસ ચાર ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – આહાર પૌષધ, શરીર સત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ, અવ્યાપાર પૌષધ.

પૌષધોપવાસ વ્રતધારી શ્રાવકે આ પાંચ અતિચારો જાણવા જોઈએ. તે આ પ્રમાણે – અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક, અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક. અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ, અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ, પૌષધોપવાસની સમ્યક્ પાલના ન કરવી તે.

સૂત્ર–૮૦

અતિથિ સંવિભાગ એટલે સાધુ–સાધ્વીને કલ્પનીય અન્ન–પાણી આપવા. દેશ, કાળ, શ્રદ્ધા, સત્કારયુક્ત શ્રેષ્ઠ ભક્તિપૂર્વક અનુગ્રહ બુદ્ધિથી સંયતોને દ્રવ્યોનું દાન આપવું.

આ અતિથિ સંવિભાગ વ્રતયુક્ત શ્રમણોપાસકે આ પાંચ અતિચારો જાણવા – સચિત્ત નિક્ષેપણા, સચિત્ત પિધાનતા, કાલાતિક્રમ, પરવ્યપદેશ, મત્સરતા.

સૂત્ર–૮૧

આ પ્રમાણે શ્રાવકધર્મમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને યાવત્કથિત કે ઈત્વરકથિત અર્થાત ચિરકાળ કે અલ્પકાળ માટે ચાર શિક્ષાવ્રત કહ્યા છે.

આ બધાની પૂર્વે શ્રાવકધર્મની મૂલ વસ્તુ સમ્યક્ત્વ છે તે આ – તે નિસર્ગથી કે અભિગમથી બે ભેદે અથવા પાંચ અતિચાર રહિત વિશુદ્ધ અણુવ્રત અને ગુણવ્રતની પ્રતિજ્ઞા સિવાય બીજી પણ પ્રતિમા વગેરે વિશેષથી કરવા યોગ્ય છે.

અંતિમ મરણ સંબંધી સંલેખના આરાધના આરાધવી જોઈએ.

આ સંબંધે શ્રાવકને પાંચ અતિચાર કહ્યા છે. તે આ પ્રમાણે છે – (૧) આલોક સંબંધી આશંસા, (૨) પરલોક

સંબંધી આશંસા, (૩) જીવિત સંબંધી આશંસા, (૪) મરણ સંબંધી આશંસા, (૫) કામભોગ સંબંધી આશંસા.

સૂત્ર-૮૨

સૂર્ય ઊગવાથી આરંભીને નમસ્કાર સહિત અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે આહારના પચ્ચક્‌ખાણ કરે છે. અન્નત્થ – સિવાય કે અનાભોગ કે સહસાકારથી (આ બે આગાર છોડીને હું અશન આદિનો) ત્યાગ કરું છું.

સૂત્ર-૮૩

સૂર્ય ઊગ્યા પછી પોરીસી (અર્થાત્ એક પ્રહાર પર્યન્ત) ચાર ભેદે અશન, પાન, ખાદિમ, સ્વાદિમનું પચ્ચક્‌ખાણ કરે છે. અન્નત્થ અર્થાત અનાભોગ, સહસાકાર, પ્રચ્છન્નકાળ, દિશામોહ, સાધુવચનથી, સર્વસમાધિ નિમિત્તે આ છ કારણો સિવાય. હું અશનાદિ ચારેનો ત્યાગ કરું છું.

સૂત્ર-૮૪

સૂર્ય ઉગ્યા પછી ઊંચો આવે ત્યાં સુધી પુરિમડ્ઢ (મધ્યાહ્ન થાય ત્યારે) અશન આદિ ચાર આહારનું પચ્ચક્‌ખાણ કરે છે. અન્નત્થ – અનાભોગ, સહસાકાર, કાળની પ્રચ્છન્નતા, દિશામોહ, સાધુવચન, મહત્તરકારણ કે સર્વસમાધિના હેતુરૂપ આગાર સિવાય. આ અશનાદિ ચારેનો ત્યાગ કરું છું.

સૂત્ર-૮૫

એકાસણાનું પ્રત્યાખ્યાન કરે છે.

અન્નત્થ – અનાભોગ, સહસાકાર, સાગારિકાકાર, આકુંચન પ્રસારણ, ગુરુ અભ્યુત્થાન, પારિષ્ઠાપનિકા, મહત્તર અને સર્વ સમાધિ નિમિત્ત. ઉક્ત આઠ આગારો સિવાય...

હું અશન આદિ ચારે આહારનો ત્યાગ કરું છું.

સૂત્ર-૮૬ થી ૯૨

(એકાસણાના સૂત્રમાં સૂત્રકાર મહર્ષિ 'એક્કાસણમિત્યાદિ' એમ સૂત્ર જણાવે છે. આ ઈત્યાદિ શબ્દથી આ સાત પ્રત્યાખ્યાનો બીજા આવી જશે –)

૮૬) એકલઠાણાનું પચ્ચક્ખાણ કરે છે.

૮૭) આચંબિલનું પચ્ચક્‌ખાણ કરે છે.

૮૮) ઉપવાસનું પચ્ચક્‌ખાણ કરે છે.

૮૯) દિવસને અંતે અશનાદિ ચારે આહારનું પચ્ચક્‌ખાણ કરે છે.

૯૦) ભવચરિમનું પચ્ચક્‌ખાણ કરે છે.

૯૧) અભિગ્રહનું પચ્ચક્‌ખાણ કરે છે.

૯૨) નિવ્વિગઈય પચ્ચક્‌ખાણ કરે છે. ઈત્યાદિ.

અનાભોગ, સહસાકાર, લેપકૃત્, અલેપ્કૃત, ગૃહસ્થ સંસૃષ્ટ, ઉત્ક્ષિપ્ત વિવેક, પ્રતીત્ય પ્રક્ષિપ્ત, પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર, સર્વ સમાધિ નિમિત્તે. આ નવ આગારો સિવાય...

હું આ ત્યાગ (પ્રત્યાખ્યાન) કરું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૬ નો અનુવાદ પૂર્ણ

## મુનિ દીપરત્નસાગરે કરેલ આગમ-૪૦, આવશ્યકસૂત્રનો અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**-1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**-2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૦

# આવશ્યક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397